POST - REGD. No. GBK-241/2009-2011 RNI. No. 68504-98

નામ................................

સરનામું.............................

માધ્યિમક શિક્ષકોની સમસ્યાઓને વાચા આપતુંદર મહિનાની ૧૫મી તારીખે પગટ થતું માસિક

બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘનું મુખપત્ર

# બનાસગંગા શિક્ષણ

વર્ષ- ૧૩ અંક : ૬ જુલાઈ -૨૦૧૧ વાર્ષિક લવાજમ : રુ. ૩૦/- પાનાં - ૪ છૂટક કિંમત : રુ ૩-૫૦

**પ્રકાશક : ઈલિયાસ એમ. સિંધી,** ગુજરાત હાઈસ્કૂલ, ત્રણબત્તી પાસે, પાલનપુર ફોનઃ ૦૨૭૪૨-૨૬૨૧૦૬ (ઓ) મોઃ ૯૪૨૮૬૫૪૨૦૧ E-mail: iliyassindhi@gmail.com

**તંત્રી : હરેશભાઈ જી. ડાભી** સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા (બ.કા.) ફોનઃ (ઓ.) ૦૨૭૪૪-૨૨૦૯૭૪ (રહે.) ૦૨૭૪૨-૨૬૫૦૦૧ મોઃ૯૪૨૬૪૪૪૫૬૮

**સહ તંત્રી : નવીનભાઈ એન. પટેલ,** આદિવાસી વિદ્યાલય, ઈકબાલગઢ તા. અમીરગઢ બ.કાં. મો. ૯૯૨૫૧૩૪૧૮૦

## પ્રમુખ સ્થાનેથી.......

પ્રિય શિક્ષક ભાઈઓ અને બહેનો,

સાદર પ્રણામ,

**॥ ગુરૂ દેવો ભવ ॥**

મિત્રો, આ અંક આપની પાસે આવશે ત્યારે આપણે આપણને પ્રતિ વર્ષ યાદ દેવરાવતું કે આપણે કોઈક સમુહના**"ગુરૂ"** છીએ તે યાદ દેવરાવતું **"ગુરૂ પૂર્ણિમા"**નુ પર્વ આપણે સૌ ભાવવિભોર થઈને ઉજવ્યું હશેજ અને ઉજવવું જ જોઈએ કારણ કે એ આપણો ભારતીય **"ગુરૂ ડે"** (જેની નોંધ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડના વાર્ષિક કેલેન્ડરમાં થવી જોઈએ.) છે.

ગુરૂ અને શિષ્ય પ્રાચિનકાળ,માધ્યકાલિન અને અર્વાચિન કાલિન ઉદાહરણો આપી બાળકોને ગુરૂ પ્રત્યે માન-સન્માન વધે અને સાથે સાથે ગુરૂજનોને પણ શિષ્યો પ્રત્યે પોતીકો ભાવ ઉભો થાય તેવું વાતાવરણ આ પ્રસંગે આપણે ઉભું કરીએ છીએ.પણ બાકીના દિવસોએ અંશતઃ વાતાવરણ લુપ્ત થતું જાય છે, શા માટે ? ગુરૂમાંથી વાત્સલ્યનું ઝરણું કેમ વહેતું ઘટે છે ? શિષ્યમાંથી ગુરૂ પ્રત્યેનો આદરભાવ કેમ ઘટતો જાય છે ? જોકે પ્રત્યેક શાળામાં ઘણાબધા શિક્ષકમિત્રો વિદ્વાન છે અને વિચારશીલ છે અને તેના ચોક્કસ કારણો પણ જાણે છે.

જયારે જયારે ગામડાઓમાં નવી નવી માધ્યમિક શાળાઓ શરૂ થાતી ત્યારે ગામવાસીઓ શાળા પ્રત્યે ગૌરવ અનુભવતા કે **" આ અમારી શાળા છે અને તેનું મને ગોરવ છે."** આ સુત્ર પ્રત્યે ગામના અબાલવૃધ્ધ સર્વે ગૌરવ અનુભવતા જયારે આ વિચારસરણી ધીરે ધીરે મૃતઃપ્રાય બનતી ગઈ ?

**શા માટે....**

✷શું શાળા મંડળ સાર્વજનીકની જગ્યાએ ગામની ચૌદસના હાથોમાં સરકી ગયા માટે? ✷જુદાજુદા બહાના તળે સરકાર માન્ય પ્રવેશ,શિક્ષણ અને સત્ર ફી ઉપરાંત વિવિધ પ્રલોભનો-પ્રવૃત્તિઓના નામે મનફાવે તેમ વાલીઓને ચીરી નાખે તેવી ફી વધારો માટે ? ✷( ...?... ) ઘોતા ન આવડે તેવા અંગુઠા છાપ સંચાલકોને પોતાના સંતાનો ને પ્રવેશ માટે કરગરવું પડે, ઉપરાંત લાગવગ સાથે ડોનેશન આપવું પડે માટે ? ✷ કોચિંગ કલાસના નામે વાલીઓ પાસે પૈસા લુંટે માટે ? કે પછી ટયુશન માટે વિદ્યાર્થીઓને શિક્ષક આડકતરા બહાના તળે સજા કરે માટે ? ✷વર્ષ દરમ્યાન ખૂણા ખાંચકેથી (વિવિધ પ્રવૃત્તિ-સ્પર્ધાના નામે) વિદ્યાર્થીઓ (ગ્રાહક)ને ખંખેરી લેવામાં આવે છે માટે ? ✷ગણવેશ-બુટ-મોંજા-પટ્ટો શાળામાંથી જ લેવા ફરજીયાત માટે ?

જોકે વિષયાંતર ન થાય માટે શાળા પ્રત્યેના નફરતના કારણો વધુ જણાવતો નથી પણ આમાં બે-પાંચ ટકા ટયુશન માટે વિદ્યાર્થીઓને દબાણ કરતા શિક્ષકોને છોડતા મોટા ભાગના શિક્ષકોને ઉપરોકત દુષણો સાથે કંઈજ લેવા દેવા નથી.

ઉપરોકત પ્રર્વતમાન કારણોમાં સંચાલકો, આચાર્યો કે સંચાલકો અને આચાર્યોની મિલિભગતથીજ વાલીઓનું **"ઓપરેશન"**થાય છે અને માટેજ શિષ્ય અને વાલીઓને શાળા પ્રત્યે **"ગૌરવ"**રહેતું નથી.વાલીઓ સંચાલક કે આચાર્યને કંઈજ કહી ન શકે, કેમકે સંચાલક ગામની ચૌદશ અને આચાર્ય બાળકને શાળામાંથી કાઢી મૂકે તો ? આ ભયથી ઉપરોકત બન્નેને કંઈ કહી શકે નહી છતાં વાલી શાળા કયારે દોષમાં આવે તેની રાહ જોઈને જ બેઠો હોય છે.

પોતાના બાળક સાથે આચાર્ય કે સંચાલકને સીધા સંપર્કમાં નથી, સીધા સંપર્કમાં એક માત્ર **"શિક્ષક જ"** છે માટે....

**શાળામાંથી......**

✷ શાળા સમય પૂર્વે બાળક ભાગી જાય ત્યારે... ✷આચાર્ય કે સંચાલકના કહેવાથી બાળકો પાસેથી નવીન મકાન માટે ઈંટો- રેતી ઉપડાવે ત્યારે... ✷રમત ગમત કે વિજ્ઞાન મેળા કે એવી જુદી જુદી પ્રવૃત્તિઓમાં બાળકોને શાળા બહાર લઈ જવાય અને અકસ્માત થાય ત્યારે.... ✷ શાળા ફી ની શિક્ષક ઉઘરાણી કરે ત્યારે.... ✷બાળક લેશન ન લાવ્યું હોય અને શિક્ષક ઠપકો આપે ત્યારે.... ✷શાળાનું મેદાન શિક્ષક સફાઈ કરાવતો હોય અને કોઈ વાલી જોઈ જાય ત્યારે.... ✷બાળક ઉધ્ધતાઈ- અશિસ્ત કે લેઈટ આવવા ટેવાયેલા હોય અને શિક્ષક ઠપકાપૂર્વક સમજના બે શબ્દો કહે ત્યારે....✷સંચાલકો અને આચાર્યના ઉપરોકત**"વેપાર"**ની રકમ શિક્ષક દ્વારા કડક ઉઘરાણી કરવામાં આવે ત્યારે....✷શાળા બસની ફી શિક્ષકો દ્વારા પઠાણી ઉઘરાણી કરવામાં આવે ત્યારે....

આવા કોઈને કોઈ કારણસર બાળક પોતાના દોષો ઠોકી-શિક્ષક વિરૂધ્ધ ફરીયાદ કરે ત્યારે ઉપર કહયું તેમ શાળા સામે રાહ જોઈ રહેલો વાલી સંચાલક કે આચાર્ય ઉપર દાઝ કાઢવાની જગ્યાએ **"શિક્ષક એટલે ગામની ભાભી"** એ ન્યાતે વાલી જાહેરમાં કે પછી શાળામાં આવી અન્ય બાળકો સામે શિક્ષકને ગાળી-ગલોચ વ્યવહાર કરી અપમાનીત કરી જાય. ટુંકમાં **"પાડાના વાંકે પખાલીને ડામ"** દેતો જાય.

**માટે જ....**

આ **"ગુરૂ પૂર્ણિમાના"** પવિત્ર પર્વે સર્વે શિક્ષકમિત્રોને કાયદાની જોગવાઈમાં રહીને વિનંતી પૂર્વક જણાવવાનું કે......

ઉપરોકત બાબતના **ઉઘરાણીયા કે આચાર્યના વ્યકિતગત લેખિત કે જનરલ નોટીસ આદેશ સિવાય કયારેય આવેશમાં આવવાની જરૂર નથી.** જયારે **"ભીડાશો"** ત્યારે આચાર્યો કે સંચાલક બગલ ઉંચા કરતાં વાર નહી કરે અને કદાચ સજજન આચાર્યો અને સંચાલકો તમને બચાવશે તો વાલી જો કોર્ટમાં તમને ઢસડી જશે તો તમારી સી.એલ. રજાએ કોર્ટમાં તારીખ ભરવા જવું પડશે (ડી.એલ. નહી મળે..!) અને સજા થાય કયારેક નોકરીમાંથી હાથ પણ ધોવા પડે **માટે મારી ઉપરોકત વિનંતી સ્વીકારવા આ પવિત્રપર્વે નમ્ર વિનંતી.**

**-- ઈલીયાસ સિંધી**

**પ્રમુખ ,બ.કા.જિ.મા.શિ.સંઘ**

## તંત્રી સ્થાનેથી.......

પ્રિય શિક્ષક ભાઈઓ અને બહેનો,

મિત્રો, સાદર પ્રણામ

નવા શૈક્ષણિક વર્ષની શુભ શરૂઆત આપ સૌ મિત્રોએ કરી દીધી છે. નવા વર્ષની શરૂઆત જે ધ્યેય અને સંકલ્પ સાથે સાથે કરી હોય તે ઈશ્વર પરિપૂર્ણ કરે તેવી પ્રાર્થના.

શિક્ષક સમાજે હંમેશા પોતાના વ્યવસાય પરત્વે જાગૃત રહેવું પડે છે., તેમ આપણા સમાજે પોતાના હકકો માટે પણ જાગૃત રહેવું જ જોઈએ. હકક મેળવવા માટે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળે નહીં તે જોવાની પણ આપણી પવિત્ર ફરજ છે.

આપણા જ હકક માટે ફરજ ચૂકીને નફફટાઈ પૂર્વક હાથ લંબાવતા આપણા પરમ મિત્રો ? માટે આપણે પણ આંખોની શરમ નેવે મુકીને આપણા હકક માટે જાગૃત થવું પડશે.

મિત્રો, જાગૃત નહી બનોતો કયાંકને કયાંક તમારે જ **"બલિનો બકરો"** બનવું પડશે. અને અમે તો ઘણા બધા મિત્રોના કિસ્સામાં આ અનુભવ્યું છે અને એટલે જ વારંવાર કહેવું પડે છે કે **"જાગો શિક્ષક જાગો"** આપના ન્યાયી હકક માટે સંઘનું પીઠબળ આપની સાથે જ છે.

મિત્રો, વર્તમાન સમસ્યાઓની વાત કરીએ તો ગ્રેડ-પે સુધારણા, ઉચ્ચત્તર પગાર ધોરણ, પે-વેરિફિકેશનના સ્ટીકર, ૩૦૦ રજાઓની જગ્યાએ ૧૫૦ રજાનું રોકડ રૂપાંતર મુખ્ય છે. ગ્રડ-પે સુધારણાનું કાર્ય લગભગ પરિપૂર્ણ થઈ ગયેલ છે. જે શાળાઓનું ગ્રેડ-પે સુધર્યુ ન હોય તેમણે સંઘને જાણ કરવી. બાકીના પ્રશ્નો માટે મહામંડળની કારોબારીસભા તાઃ૧૦-૦૭-૨૦૧૧ના રોજ મળી ત્યારે આપણા સંઘ મારફ્તે પણ આની રજુઆત થઈ હતી. જેના જવાબમાં મહામંડળના નવનિર્વાચીત પ્રમુખશ્રી રમેશભાઈ પટેલ સાહેબે જણાવ્યું હતુંકે ટૂંક સમયમાં તેનો ઉકેલ મળી જશે. આપણા સંઘ મારફ્તે પણ દરેક સમસ્યાની વિસ્તૃત રજુઆત મા.ડી.ઈ.ઓ. સાહેબશ્રીને કરવામાં આવી છે. તેમણે પણ આ સમસ્યાઓનો જલ્દીથી ઉકેલ આવે તે માટે દરેક ટેબલ કારકૂનોને જરૂરી સૂચના અમારી રૂબરૂમાં આપી છે. માટે મિત્રો નિયમ પ્રમાણે દરેકનું કામ થઈ જશે, અધીરા બનતા નહી.

મિત્રો, આપણે ત્યાં સંઘની જાગૃતતાનાકારણે ફાજલ શિક્ષકોના સમાવેશનું કાર્ય જે તટસ્થતાથી પરિપૂર્ણ થયું છે. તેની મહામંડળે અને અન્ય ઘટક સંઘોએ પણ નોંધ લીધી છે.અને આપણા સંઘને અભિનંદન પણ પાઠવ્યા છે જે આપ સૌએ અમારા પર મૂકેલા વિશ્વાસનું કારણ છે અને યશના ભાગીદાર આપ સૌ છો.

અને છેલ્લે જે મિત્રોએ ભ્રષ્ટાચારનો સાથ છોડયો છે અને પોતાના હકક માટે ધીરજ ધરી છે અને જેઓએ પોતાના સાચા હકક માટે સંઘર્ષ કર્યો છે તેમને હદયપૂર્વક પ્રણામ કરૂં છું. ભગવાન આપણને આપણા શુભકાર્ય માટે શકિત આપે એજ અભ્યર્થના..!

**-- હરેશભાઈ જી. ડાભી**

**મહામંત્રીઃ બ.કા.જિ.મા.શિ.સંઘ**

## જિલ્લા શિક્ષણાધિકારી કચેરી- બનાસકાંઠા ખાતે વર્ષોથી ખડાઈ રહેલા ભ્રષ્ટ કારકૂનોને બદલવા મા.શ્રી સી.વી.સોમ સાહેબ, કમિશ્નરશ્રી મ.ભો.યો.અને શાળાઓની કચેરીને રજુઆત કરતો બનાસકાંઠા જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિનો પત્ર...

તા: ૧૮-૬ - ૨૦૧૧

પ્રતિ,
શ્રી સી.વી. સોમ સાહેબ,
કમિશ્નરશ્રી,મ.ભો.યો અને શાળાઓની કચેરી,
બ્લોક-૯,ડો.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય,
ગાંધીનગર.

મે. સાહેબશ્રી,

વિષય: ડી.ઈ.ઓ. કચેરી- બનાસકાંઠા (પાલનપુર) ખાતે કે જેઓના પર વારંવાર ભ્રષ્ટાચારનો આક્ષેપ થયેલ છે તેવા ૧૦ વર્ષથી વધુ સમય એક જ કચેરી અને સ્થળ ખાતે ફરજ બજાવતા કર્મચારીઓ ને બદલવા બાબતે....

જયભારત સહ આપશ્રી ને ઉપરોકત વિષય અન્વયે નમ્ર વિનંતી કે.....

અમારા કાર્યક્ષેત્રમાં ન આવતી બાબત હોવા છતાં, વિનયભંગ કરી અમો અમારા જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરી- બનાસકાંઠામાં ચાલતા **ભ્રષ્ટાચારની પરાકાષ્ટાને** દુર કરવા અમારી લાગણીઓ આપની સમક્ષ રજુ કરવાની પરવાનગી લઈએ છીએ.

અમારા જિલ્લાના વિવિધ શૈક્ષણિક સંઘોના સંકલન સમિતિના ઘટક સંઘો અને બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા ડી.ઈ.ઓ. કચેરી- બનાસકાંઠા ખાતે છેલ્લા કેટલાય વર્ષોથી ફરજ બજાવતા વર્ગ-૩ ના કર્મચારીઓની પ્રાથમિક માહિતી **આર.ટી.આઈ. એકટ હેઠળ** માંગેલ, જે અનુસાર ઘણા કર્મચારીઓ એકજ કચેરીમાં એક યા જુદા જુદા હોદ્દા ઉપર કારકૂન સંવર્ગમાં ઘણા વર્ષોની કચેરી ખાતે ખડાયેલા (ચિપકી રહેલા) છે. આજ સુધીના અમારા અનુભવ પ્રમાણે જેઓએ આ કચેરી ખાતે મોટા પાયા પર ભ્રટાચાર આચરેલ છે. જેની **છેલ્લા ઘણા સમયથી હાલના તેમજ પૂર્વેના ડી.ઈ.ઓ.શ્રી-બનાસકાંઠા સમક્ષ વારંવાર રજુઆતો કરવામાં આવેલ છે. તેમજ સદરહૂ રજુઆતની એક નકલ સવિનય જાણ અને યોગ્ય ઘટતું કરવા સારૂ આપને પણ મોકલી આપેલ છે** તેમ છતાં તેનું આજ દિન સુધી કાંઈજ નકકર પરીણામ આવેલ નથી કે કોઈ અમને જવાબ મળેલ નથી. તદ્ઉપરાંત જિલ્લામાં દર વર્ષે આંતરિક ફેર બદલીના કેમ્પ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સત્તા આપવામાં આવે છે ત્યારે આ **રીઢા અને ભ્રષ્ટાચારીથી ખદબદેલા કર્મચારીઓ આંતરિક બદલી કરવાની અરજી આપવાનું** નાટક કરી , અગાઉના **ભ્રષ્ટ અધિકારીઓ તેમજ તેમના રાજકીય ગોડફાધરો**ના લીધે, તેમજ અધિકારી સાથે **મોટો નાણાંકીય વ્યવહાર** કરી અને **રાજકીય લાગવગનો** ઉપયોગ કરી બદલીઓ થવા દેતા નથી.

આ કચેરીના કર્મચારીઓની બાબતે **"આર.ટી.આઈ. એકટ હેઠળ"**ની માહિતી મુજબ સરકારી કચેરી ખાતે **સામાન્ય વહિવટી વિભાગના ઠરાવ મુજબ સંર્વગ-૩ ના કર્મચારીઓને ૫ (પાંચ) વર્ષથી વધુ સમય એકજ સ્થળે ન રાખવાની જોગવાઈ હોવા છતા,** ડી.ઈ.ઓ. કચેરી-બનાસકાંઠા, પાલનપુર ખાતે **૧૦ વર્ષથી પણ વધુ સમયગાળો** થઈ ગયેલ હોવા છતાં એકજ કચેરીમાં જુદા જુદા હોદ્દા પર કેટલાય કારકૂન સંવર્ગના કર્મચારીઓ ફરજ બજાવી રહયા છે.અને તેઓએ **ટેબલે-ટેબલે ભ્રષ્ટાચાર** આચરેલ છે. જેના પ્રમાણ માટે **એન.ઓ.સી., બહાલી, પૂર્ણપગાર, એરિયર્સ કે મેડિકલ બિલોની ફરીયાદો**ની ચકાસણી કરશો તો માલુમ પડશે કે કેટલી હદે આ કર્મચારીઓએ ભ્રષ્ટાચાર આદરેલ છે.આ બાબતે અમને મળેલ માહિતી અનુસાર સદરહૂ કચેરી ખાતે ફરજ બજાવતા

**૧) શ્રી એચ.જી.કરેણ** ( મુખ્ય કારકૂન) કે **છેલ્લા ૨૪ વર્ષ** થી,
**૨) શ્રી એ.ડી. પરમાર** (સિનિયર કારકૂન) **છેલ્લા ૧૨ વર્ષથી વધુ,**
**૩) શ્રી એન.વી.વાઘેલા** (સિનિયર કારકૂન) **કે છેલ્લા ૨૫ વર્ષથી વધુ અને**
**૪) શ્રી કે.જે.ગોહિલ** ( સિનિયર કારકુન) કે **છેલ્લા ૧૮ વર્ષ** થી, કે જેઓ એકજ કચેરીમાં પોતાની આખી સર્વિસ પૂરી કરવાના આરે આવેલ છે.

તેમજ આજ કચેરી ખાતે **પગાર ટેબલ** પર કામગીરી બજાવતા **શ્રી ખેગાંરભાઈ** ભૂતકાળમાં ભ્રષ્ટાચારના આક્ષેપો થયેલ છે અને હાલમાં ઘણા લાંબા સમયથી એરિયર્સ બિલો ગ્રાન્ટના અભાવે પેન્ડિંગ પડયા રહેલા, જયારે **ગત નાણાંકીય વર્ષ દરમ્યાન એરિયર્સ ચુકવણા માટે ગ્રાંટ રીલીઝ થયેલ એમાં બીલની રકમના ૧૦ % રકમનો વ્યવહાર લઈને બીલોની ચૂકવણી કરવામાં આવેલ છે.** ( દા.ત. રૂા.૩૦,૦૦૦/- નું બિલ હોય તો રૂા.૩૦૦૦/-નો વ્યવહાર લઈને) તેમજ જે કર્મચારીઓએ આ **૧૦% રકમનો વ્યવહાર કરેલ નથી તેઓના બીલો મહિનાઓ પહેલા કચેરી ખાતે રજુ કરેલ હોવા છતાં માર્ચના અંતિમ તારીખોમાં કવેરી કાઢી પરત મોકલેલ છે.** જે બાબતે **પિડીત અસરકર્તા કર્મચારી** અને **બ.કા.મા.શિ.સંઘ તરફથી લેખિતમાં** ઉગ્ર રજુઆત કરતાં **મા.ડી.ઈ.ઓ.સાહેબશ્રીએ શિક્ષાત્મક કાર્યવાહી પણ કરેલ છે.** એવું અમને જાણવા મળેલ છે. આમ આ કચેરી ખાતે એવા કર્મચારીઓ છે કે, **જેઓ ૧૫ થી ૨૦ વર્ષથી પણ વધુ સમય એકજ કચેરીમાં તેઓની ભાષામાં કહેવાતા મહત્વના મલાઈદાર ટેબલો પર ફરજ બજાવી છે.** આ સિવાય બીજે કયાંય ફરજ બજાવેલ નથી અને સામાન્ય ટેબલો પર ફરજ બજાવવા માંગતા નથી. (કેટલાક તો પટાવાળામાંથી બઢતી પામેલા છે.)

એ બાબતે પણ અમોને એવી જાણકારી મળેલ છે કે **મા. ડી.ઈ.ઓ.સાહેબશ્રીએ આવા આક્ષેપિત કર્મચારીઓ વિરૂધ્ધ યોગ્ય કાર્યવાહી કરવા અને અન્ય જગ્યા કે જિલ્લામાં બદલવાની ભલામણ કરેલ છે.** તો અમને મળેલ જાણકારી જો સત્ય હોય તો, **પોતાની બદલીઓ ન થાય તે માટે પણ આપની કચેરી ખાતેના કોઈક કર્મચારી મારફત મોટો નાણાંકીય વ્યવહાર કરી કોઈ કાર્યવાહી ન થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહેલ છે ?**

**પાંચ છ મહીના અગાઉ ઈ.ચા.ડી.ઈ.ઓ.શ્રી બી.કે.પટેલ સાહેબ-બનાસકાંઠાએ અમારા જિલ્લાના સંઘોએ આક્ષેપિત કર્મચારીઓના વિરોધમાં ભ્રષ્ટાચાર બાબતે સામુહિક રજુઆત કરતાં ટેબલ ફેરફારના આદેશો કરેલ, તેઓને પણ ઘોઈ પી ગયેલ છે.** હજુસુધી આ કારકૂનો મલાઈદાર ટેબલો છોડવા તૈયાર નથી. અમારા કર્મચારીઓના પડતર પ્રશ્નો બાબતે અમારી વારંવાર કચેરીની મુલાકાત દરમ્યાન તેમજ પડતર કામોની ઉઘરાણી કરતાં ચાર્જ બાબતે એક બીજા પર જવાબદારી ઢોળે છે. તેના પરથી અમોને ખ્યાલ આવે છે કે, અગાઉ ના ડી.ઈ.ઓ.શ્રી- બનાસકાંઠાએ કરેલ ફેરફારનો અમલ હજુસુધી જણાતો નથી.

માટે અમને આશંકા છે કે, આ વર્ષોથી **ખડાઈ પડેલા, ભ્રષ્ટાચારમાં રીઢા બની ગયેલા આ કારકુનો પોતાના ઉપરી અધિકારીઓ પાસે એક યા બિજા મોટા નાણાંકીય વ્યવહારો કરીને કે પછી પોતાના રાજકીય ગોડ ફાધરોનો રાજકીય વગ વાપરીને** અહીં ચોંટી રહેલ છે. આ કર્મચારીઓને તાત્કાલીક અસરથી બદલી કરી **તેઓના કાર્યકાળ દરમ્યાન કામગીરીની જીણવટ ભર્યુ ચકાસણી કરવામાં આવે તો મોટા કૌભાંડો બહાર આવે તેમ છે,** જેથી તેઓની તાત્કાલીક બદલી કરી અન્ય જિલ્લામાં મુકી તેઓના ઉપર આજ દિન સુધી મુકવામાં આવેલા વિવિધ આક્ષેપોની તપાસ કરાવવા અમારી નમ્ર વિનંતી.

આ ઉપરાંત આપશ્રી અમોને આપની રૂબરૂ મુલાકાત ફાળવશો તો અમારી બનાસકાંઠા જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતી આ કર્મચારીઓ વિરૂધ્ધના વધારાના પુરાવાઓ રજુ કરીશું.

સહકારની અપેક્ષા સહ...! જયહિન્દ

**આપના વિશ્વાસુ** **સહિ**

(૧) ફુલજીભાઈ ચૌધરી
પ્રમુખ, બ.કા.જિ.શૈ.સંઘ સંકલન સમિતિ

(૨) ઈલીયાસ સિંધી
મહામંત્રી, બ.કા.જિ.શૈ.સંઘ સંકલન સમિતિ

(૩) પ્રેમશંકર વ્યાસ
ઉ.પ્રમુખ, બ.કા.જિ.શૈ.સંઘ સંકલન સમિતિ

(૪) કરશન વાઘેલા
ખજાનચી, બ.કા.જિ.શૈ.સંઘ સંકલન સમિતિ

**નકલ સવિનય રવાના જાણ સારૂ અને યોગ્ય ઘટતું કરવા સારૂં....**

(૧) શ્રી હસમુખ હડીયા સાહેબ,
અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય,
જુના સચિવાલય, ગાંધીનગર

(૨) શ્રી ભેંસદડીયા સાહેબ ( મહેકમ વિભાગ)
ડે.કમિશ્નરશ્રી, મ.ભો.યો.અને શાળાઓની કચેરી
જુના સચિવાલય, ગાંધીનગર

## તાઃ ૨-૭-૧૯૯૯ના સંક્રાંતિકાળે ભરતી પામેલ શિક્ષકોને થયેલ અન્યાય બાબતે ના.શિક્ષણ નિયામકશ્રી સમક્ષ કરેલ લેખિત રજુઆત

તાઃ૧૦-૬ - ૨૦૧૧

પ્રતિશ્રી,
વી.બી. ભેંસદડીયા સાહેબ,
ના. શિક્ષણ નિયામકશ્રી,
મ.ભો.યો અને શાળાઓની કચેરી,
ગાંધીનગર

વિષયઃ ના.ગુજરાત માધ્ય.શિક્ષણ પંચ ( ટ્રિબ્યનલ)ના આદેશનો અમલ અને છઠ્ઠા પગાર પંચના અમલ કરવા બાબતે....

સંદર્ભપત્રઃ સદર અસરકર્તા કર્મચારીઓની અરજી તાઃ ૧૦-૬-૨૦૧૧.

મે. સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, અસરકર્તા શિક્ષકોની અરજી આપશ્રી થકી યોગ્ય નિર્ણય લેવાય તે આશયથી આપશ્રીને યોગ્ય ભલામણ સારૂં મને મળેલ છે. જેઓની વિગત અને આધારોનું વિસ્તૃત રીતે અભ્યાસ કરતાં આપને મારી વિનંતી સહ ભલામણ છેકે આ અસરકર્તા અરજદારોની આપણા તાઃ૨-૭-૧૯૯૯ના પરિપત્રના સંદર્ભે અરજદારોના પ્રશ્નો ઉપસ્થિત થતા તેઓ પોતાના હક માટે ના.માધ્ય.શિક્ષણ પંચમાં દાદ માંગેલ અને અને તેઓની તરફેણમાં તાઃ ૧૮-૯-૨૦૦૯ ના રોજ ચુકાદો આવેલ છે તદ્ઉપરાંત આ ચુકાદાની વિરૂધ્ધમાં સરકારશ્રીએ કોઈપણ પ્રકારની કોર્ટમાં અપીલ કરેલ નથી. સદર ચુકાદા અનુસાર ના.ગુજરાત માધ્ય.શિક્ષણ પંચની ગરીમા જાળવતા તેઓના હક્કો તાત્કાલીક મળે અને તે અનુસાર છઠ્ઠા પગાર પંચનો લાભ મળે તેવી અમારી લાગણી સભર ભલામણ છે. આ બાબતે તેઓના હકક માટે રૂબરૂમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને મળેલ અને યોગ્ય થવાની ભલામણ કરેલ અને આશ્વાસન પણ આપેલ, તેમ છતાં આ બાબતે આજ દિન સુધી કોઈપણ પ્રકારે ન્યાય સદર પિડીત કર્મચારીઓને મળેલ નથી. તો અમારી ખાસ આગ્રહ ભરી વિનંતી છે કે તેઓના તરફેણમાં આવેલા ચુકાદાનો અમલ થાય અને તેમને તાત્કાલીક અસરથી ન્યાય મળે એવી અમારી ભલામણ છે. અન્યથા ના છૂટકે તેઓના ન્યાય બાબતે કોર્ટ ઓફ કન્ટમ્ટ કરવાની ફરજ પડશે. જેની જવાબદારી બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની રહેશે.

અભ્યર્થના સહ.....

આપનો વિશ્વાસુ
(ઈલીયાસ એમ.સિંધી)
પ્રમુખ
બનાસકાંઠા જિલ્લા માધ્યિમક શિક્ષક સંઘ

**બિડાણઃ-**
(૧) અરજદારોની મળેલ અરજી.
(૨) અરજદારોના ચૂકાદાની નકલ.

ક્રમાંકઃમાધ્ય/ધ/પેન/-૩/મ.શિ./રજુઆત/૨૦૧૧/૧૦૪૯૭-૫૦૦
કમિશ્ર,શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન
ગુ.રા., ગાંધીનગર
તારીખઃ ૩૦-૬ - ૨૦૧૧

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
બનાસકાંઠા-પાલનપુર

વિષયઃ છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા બાબત.......
(૧) શ્રી બી.જે. પટેલ, વિવેકાનંદ વિદ્યાલય, જડીયા તાઃ ધાનેરા
(૨) શ્રી અ.ડી.વૈષ્ણવ, આર.આર.વિદ્યાલય, અમીરગઢ

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આપના તાબા હેઠળની બિન સરકારી વિવેકાનંદ વિદ્યાલય / શ્રી આર. આર. વિદ્યાલય શાળા ખાતે ફરજ બજાવતા શ્રી ઉક્ત જણાવેલ હોદ્દો મ.શિ. ની રજુઆત અત્રે મળેલ છે. જેની કાર્યવાહી આપના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોઈ આ સાથે અસલ રજુઆત સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જરૂર જણાય તો જિલ્લા સહાયક નિરીક્ષક સાથે પરામર્શ કરી કેસ નિકાલ થાય તેવી વ્યવસ્થા કરવી.

સદર રજુઆતમાં ખરેખર શી હકીકત છે તે બાબતે જરૂરી ઠરાવો/ પરિપત્રો તેમજ સરકારશ્રીની વખતો વખતની જોગવાઈઓને આધિન/ નિયમાનુસારની કાર્યવાહી કરી અરજદારને અત્રેની કચેરીની જાણ હેઠળ બારોબાર પ્રત્યુત્તર પાઠવવા જણાવવામાં આવે છે.

(સહી અવાચ્ય)
સંયુકત નિયામક ( માધ્ય)
ગુ.રા., ગાંધીનગર

બીડાણઃ- ઉપર મુજબ
નકલ જાણ અર્થે રવાનાઃ- સંબધિત કર્મચારી તરફ..
(૧) આચાર્ય મારફત, શ્રી આર આર.વિદ્યાલય, અમીરગઢ
શ્રી વિવેકાનંદ વિદ્યાલય,જડીયા તાઃ ધાનેરા
(૨) પ્રમુખશ્રી, બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ
ગુજરાત હાઈસ્કૂલ, પાલનપુર

## બનાસકાઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા નિવૃત્ત મ.શિક્ષકે સંઘને કરેલ ફરીયાદની મા.ડી.ઈ.ઓ.શ્રી-બ.કા.સમક્ષ કરેલ રજુઆતની અસર (ઈમ્પેકટ) ...

ક્રમાંકઃ- પ્રાવિ.૨/મકમ/માહિતી/૨૦૧૧/૨૪૫૫૬-૫૭
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
તારીખઃ ૩૦-૬-૨૦૧૧

પ્રતિ,
શ્રી બદાજી ટી. ઠાકોર,
નિવૃત શિક્ષક
મું.કાદરપુર, પો.નાનીવાડા, તાઃ ખેરાલુ, જિઃ મહેસાણા

વિષયઃ એરિયર્સ બિલ તથા રજાના રોકડ રૂપાંતરના નાણાં આપવા બાબતે.....

સંદર્ભપત્રઃ તમારી અરજી તાઃ ૨૫-૪-૨૦૧૧ની અરજી.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભદર્શિત અરજી અન્વયે અત્રેની કચેરીમાં તપાસ કરાવતાં શાળા કક્ષાએથી બીલ અત્રેની કચેરીએ મોકલવામાં આવેલ તેમાં ભૂલો હોવાથી સદરહુ બીલ પૂર્તતા માટે લેટ મોકલેલ હતું.

આ અન્વયે હિસાબી-૨ શાળાના કલાર્કશ્રી સોલંકી પાસે ખુલાસો માગતાં તેઓએ જણાવેલ કે અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃહિ.૪/સીપયો/૨૦ ટકા પ્રથમ હપ્તો/ ૭૨૪૯-૭૪૫૭, તાઃ ૧૯-૩-૨૦૧૦ થી તમામ ગ્રાન્ટેડ શાળાઓને પરિપત્ર કરી એરિયર્સ બીલો સાથે કયા કયા આધારો જોડવા તે અંગેની જાણ કરવામાં આવેલ છે.જે શાળાએ બીલમાં અધુરી વિગતે બીલ રજુ કરેલ હતું.

સબબ આ અંગે અત્રેની કચેરીના **કલાર્ક શ્રી ખેંગારભાઈ સોલંકીને** અત્રેની કચેરીના પત્રનં.પ્રાવિ.૨/મકમ/૨.રો.રૂ.બીલ/૨૦૧૧/૨૩૧૪૧ અન્વયે તેઓને તાકીદ કરેલ છે. કે હવે પછી બીલો સમયસર ગ્રાન્ટને ધ્યાને રાખીને નહી પરંતુ બીલ આવ્યેથી દિન-૧૦-૧૫માં ચકાસી લેવા જણાવવામાં આવે છે.અને હવે પછી આવું ન બને તેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે. **તેમ છતાં જો આવું ધ્યાને આવશે તો તેઓની સામે શિક્ષાત્મક કાર્યવાહી પણ કરવામાં આવશે.**

(અવાચ્ય)
જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

નકલ રવાના :-
પ્રમુખશ્રી, બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ
ગુજરાત હાઈસ્કૂલ, પાલનપુર જિ.બ.કાં.

### બ.કા.જિ.મા.શિ.સંઘના સભ્યો જોગ અગત્યની સૂચના

જે શિક્ષકમિત્રોની તાઃ૧૦-૭-૨૦૧૧ સુધી સભ્ય ફી ની પાવતી અમારી પાસે આવેલ છે, તેઓને જ આ માસનો અંક મોકલી આપેલ છે. માટે જે શિક્ષકમિત્રોની સભ્ય ફી બાકી કે પાવતીબુક મોકલાવી ન હોય તો તેઓએ સત્વરે મોકલી આપવી જેથી આગામી માસથી **બનાસગંગા શિક્ષણ** નો અંક મોકલી શકાય.

લી. મહામંત્રી, બ.કા.જિ.મા.શિ.સંઘ

## અશુભ........... શિક્ષણના સગા સંબંધીઓ અને હિત ચિંતકો લૂગડાં ઉતારીને વાંચશો.

આમ તો શિક્ષણના મૂળ હાર્દને તો ક્યારનુંય નવા નવા અખતરાંઓનું કેન્સર લાગી ગયું છે. છેલ્લા દસ વરસમાં ગુજરાતના શિક્ષણમાં જેટલા પ્રયોગો થયા છે તેટલા આઝાદીથી આજ સુધી નહી થયા હોય. છેલ્લા એક અઠવાડીયામાં શિક્ષણને લગતા બે સમાચારોએ શિક્ષણ પ્રેમીઓ અને શિક્ષણના હાર્દની ચિંતા કરનારાઓ માટે કાળોતરી (મરણના સમાચાર આપતી ટપાલ) જેવા છે.

એક તરફ શાળામાં ભણતા બાળકોને પૈસા ખર્ચવા છતાં પાઠ્ય પુસ્તકો મળતા નથી. અને બીજી તરફ ટન બંધ નવા નકોર પાઠ્ય પુસ્તકો ટ્રકો ભરીને પાછલા બારણે પસ્તીમાં ઠલવાઈ જાય છે. **પુસ્તકો લાવવાના પૈસા ન હોય ત્યારે ગરીબ મા - બાપ છાને ખૂણે આંસુ સારીને કોઈકની પાસેથી નવા અને જૂના પુસ્તકોની ભીખ માગીને પણ સોનેરી ભાવીના શમણાં સાથે પોતાના બાળકોને ભણાવે છે.** બીજી તરફ શિક્ષણ વિભાગના આ ઉંદરડાઓ જેમની આખી જીંદગી કાતરી ખાવામાં જ ગઈ છે તેવા નીચ તત્વો આ રીતે નવા નકોર ટન બંધ પુસ્તકો પસ્તીમાં વેચી નાંખે ત્યાં સુધી કોઈની આંખ ન ઉઘડે એ પણ કદાચ ગુજરાતની યશોગાથા ગણાતી હોય તેમ સરકારના પેટનું હજી પાણી હલતું નથી. વિપક્ષોની વાત પણ અહીં કરવા જેવી જ નથી કારણ કે, મૃતકોની અદબ જાળવવી એ આપણી સંસ્કૃતિ છે.

દરેક વાતમાં દોઢ ડાહ્યા થવાની આદત વાળા અને પોતાની જાતને મહાન ચિંતક કે કેળવણીકાર માનતા **ગામની ફઈ** જેવા તત્વો માધ્યમિક શિક્ષણ બોર્ડની મિટીંગોમાં સરકારી જમાઈઓની જેમ તાગડધિન્ના કરે છે પણ બેબસ બાળકોને પાઠ્ય પુસ્તકો મળતા નથી બારોબાર પસ્તીમાં જાય છે ત્યારે ડહાપણની દાઢ બોર્ડના શિખંડમાં ચોંટી જાય છે કે, પછી પુસ્તકો પસ્તીમાં વેચીને આવી ગામ ફઈઓને સાડલાના પૈસા ઘેર પહોંચાડી દેવાય છે તે ગુજરાતના વાલીને સમજાતુ નથી.

**એક જમાનામાં પુસ્તકને જો ભૂલે ચુકે પગ પણ અડી જાય તો માફી વ્યક્ત કરી આંખે અડાડવાની આ ગુજરાતની સંસ્કૃતિની જે અવદશા પાઠ્ય પુસ્તકોના મુદ્દે થઈ છે તેવી ઘટના કદાચ હાર્ડકોર ઈસ્લામિક દેશમાં થઈ હોત તો આ કૌભાંડીઓની શું દશા કે સજા થઈ હોત તે વિચારવા જેવુ છે. જાહેરમાં હંટર મારીને મીઠાનો તેજાબ છાંટીને કદાચ મરે ત્યાં સુધી તરફડવા દેવાની સજા પણ ઓછી પડે તેવુ અઘોર પાતક આ કૌભાંડીઓએ કર્યું છે.**

એક તરફ પાઠ્ય પુસ્તકો શાળાઓ મારફતે બાળકો સુધી પહોંચે તે માટે સહકારી સંઘો મારફતે જ વિતરણ વ્યવસ્થા ગોઠવાય છે અને બીજી તરફ ખુલ્લા બજારમાં મોટા ભાગની સ્ટેશનરીની દુકાનોમાં પાઠ્ય પુસ્તકો વેચાય છે અને તેમાંય નોટો અને અન્ય સ્ટેશનરી લેનારને જ પાઠ્ય પુસ્તકો મળે તેવી દાદાગીરી જિલ્લાભરમાં ચાલે છે. જે પાઠ્ય પુસ્તકો બજારમાં વેચાવાના જ નથી તેવા પાઠ્ય પુસ્તકો દુકાનોમાં ક્યાંથી આવ્યા ? તે જોવાની ચિંતા લાંચીયા શિક્ષણ તંત્રને પણ ફુરસદ નથી કારણ કે, એસીના બંધ બારણાંમાં ઓફીસે બેઠા ટેબલ ઉપર લક્ષ્મીનો વરસાદ પડતો હોય અને પણ વાલી મંડળો અને એબીવીપી કે એનએસયુના કાર્યકરો પણ દ્રષ્ટિહીન હોય ત્યારે મોઢેથી અને પૂંઠેથી ખવાય એટલુ ખાવામાં જ શિક્ષણ કચેરીને રસ હોય પછી પુસ્તકો પસ્તિમાં જાય કે જહન્નમમાં જાય જેમને સંસ્કારીતા અને નિષ્ઠાનું શિક્ષણ જ નથી મળ્યું તેવાઓના પાપે આજનું બાળપણ પુસ્તકો વગર હિજરાય છે. સવાલ એ પણ છે કે, આ પુસ્તકોના ચોર નરાધમોના બાળકોની પણ આવી હાલત થાય તો ય અક્કલ કેમ ઠેકાણે આવતી નથી.

ખુશ્બુ ગુજરાત કી.. ના કેમ્પેઈનરોને ગુજરાતના શિક્ષણના મરી ગયેલા હાર્દની લાશની દુર્ગંધ આવતી નથી કારણ કે, પાઠ્ય પુસ્તકો વગર ટળવળતા બાળકો કોઈ એનઆઈઆર કે ટાટા, અદાણી કે અંબાણી નથી. આ બાળકો જ્યારે સમજણાં થશે ત્યારે આ મહાચોર રાજકારણીઓને તો કદાચ કંઈ નહી કરી શકે પણ પોતાના બાળકોને પણ આવા ભષ્ટાચારીઓના પનારે ન પડવું પડે તે માટે દેશ છોડીને અમેરીકા, ઓસ્ટ્રેલીયા, કેનેડા, બ્રિટન કે લંડન નહી જઈ શકે તો છેવટે મજૂરી કરવા અબુધાબી, ઓમાન કે દુબઈનો રસ્તો પકડે તો પણ તેમનો દોષ નહી હોય.

**ગુજકેટ**ના તાયફાઓ પછી મોટા ભાગની પ્રતિષ્ઠીત કોલેજોએ **ગુજકેટ**ના આધારે એડમિશનો આપવાનું બંધ કરી દીધુ, એઆઈઈઈઈ કે પીએમટી કક્ષાનું ગુજરાતનું શિક્ષણ જ નથી તે આંકડાઓ બોલે છે. આઠમુ ધોરણ પ્રાથમિકમાં ગયા પછી જે સમિકરણો સર્જાયા છે તે તો પ્રાથમિક શાળાના શિક્ષકને પુછો તો જ સાચી વેદના જાણવા મળે. ધોરણ નવ - દસમાં એફએ, એસએ, શિક્ષકો માટે ટેટ, બોર્ડની પરીક્ષામાં પંચાણું ટકા આવ્યા હોય તોય સરકારને પોતાની પરીક્ષા ઉપર જ વિશ્વાસ ન હોય તેવી કેટ, ગેટ, પેટ કે ટાટ એવા કંઈક ભળતા સળતા નામોવાળી નવી પરીક્ષાની પળોજણ તો તોળાયેલી જ હોય.

આટલા બધા તમાશા જેટલા પ્રયોગો પછી પચાસ કે સો વરસ પૂર્વે અંગ્રેજોએ ઉભી કરેલી વહીવટી અને વ્યવહારૂ વ્યવસ્થામાં પાંચ ટકાનોય સુધારો આ સુધારાવાદીઓ કરી શક્યા છે ખરાં ? **દર વરસે નવા અખતરાઓ ખાયકીની નવી બારીઓ ખોલે છે. પાઠ્ય પુસ્તકો પૂર્વે ગાઈડો માર્કેટમાં આવી જાય અને પુસ્તકો છપાયાં પછી પણ પસ્તીમાં જતાં રહે તો ય ખુશ્બુ ગુજરાતની ?** દર વરસે સરેરાશ વીસેક ટકા બાળકો મોટા ભાઈ બહેનોના કે અન્ય કોઈએ આપેલા જૂના પુસ્તકો વાપરે છે, બીજી તરફ સરકાર સંખ્યા કરતાં વધુ પુસ્તકો બફર સ્ટોક તરીકે છપાવે છે (કે બીલો બનાવે છે) તેમ છતાંય શાળાઓ ખુલ્યાના એક મહિના પછી પણ બજારમાં કે સરકારે શાળાઓ મારફતે વિતરણની ગોઠવેલી વ્યવસ્થામાં ક્યાંય પુસ્તકો મળતા નથી અને આ જ પુસ્તકો ટ્રકો ભરી ભરીને પસ્તીમાં પગ કરી જાય છે.

કેટલીક શાળાના કટકીબાજ આચાર્યો પોતાની શાળાના બાળકોની જરૂરતના નામે પોતાની શાળાના લેટરપેડ ઉપર ડીમાન્ડ લખીને સ્ટેશનરીવાળાઓને લેટરપેડ વેચે છે ! આ ટાઢા પહોરના ગપ્પા નથી જે જે શિક્ષકો કે આચાર્યો સહકારી સંઘના સ્ટોરમાં શાળાની જરૂરતના પુસ્તકો લેવા ગયા હશે તેમણે આવા સ્ટેશનરીઓવાળાઓને બાપની પેઢી હોય તેવા હકથી સરકારી ગોદામમાં વર્તતા જોયા હશે. **ખરેખર તો પાઠ્ય પુસ્તક મંડળના કહેવાતા ધણી ધોરીઓનો આર્થિક ભૂતકાળ અને વર્તમાન તપાસીને જો ઈન્કમટેક્ષની રેડ કરવમાં આવે તો બાબ રામદેવ કે અન્ના હજારે બેહોશ થઈ જાય તેટલા રૂપિયા અને સંપતિ મળે તો પણ નવાઈ નહીં.**

આ અઠવાડીયાના બીજા સમાચાર ઉચ્ચ શિક્ષણની ફીઓમાં કમરતોડ વધારો અને સંખ્યા મળતી નથી એટલે હવે એડમિશનના ધોરણો પણ નીચા લઈ જવાના ફતવાઓથી પણ ક્ષુબ્ધતા છવાઈ ગઈ. ભીખ માગીને ઝૂંપડપટ્ટીમાં પડ્યા રહેતા મુફલીસોના માથે પણ ક્યાંકને ક્યાંક શિક્ષણ ઉપકર લાગી જાય છે અને તેમ છતાં સરકારને શિક્ષણની જરૂરીયાત અંગે પોતાની જવાબદારીનું ભાન નથી તેવુ ચિત્ર ઉપસી રહ્યું છે.

**ટાટા કે અદાણીને જેટલી રાહતો કે સબસીડીઓ કે વગર વ્યાજની લોનો આપી તેટલી રકમમાંથી ગુજરાતના એક દાયકાના બાળકોને મફત ઉચ્ચ શિક્ષણ આપી શકાય પણ ટાટા કે અદાણી જેટલી રાજકીય વગ આજના લાચાર નિ:સહાય બાળકો કે વાલીઓ પાસે નથી એ પણ એક નગ્ન હકીકત છે.** આમ શિક્ષણનું હાર્દ / શિક્ષણની જરૂરત/ શિક્ષણની સમાજ અને દેશને જરૂરત જેવી બાબતો મરી પરવારી છે અને તેની લાશની રાખમાંથી શિક્ષણનો વેપલો અને ભ્રષ્ટાચારના નગ્ન નાચની ભૂંડી ભૂતાવળ આપણી આસપાસ બિહામણાં ડારા દે છે.

શિક્ષણનું હાર્દ હવે હયાત નથી. વેન્ટીલેટર નીકળી જાય એટલી અંતિમ ક્રિયાની ઔપચારીકતા જ બચી છે. શિક્ષણના સગાઓને આ આગોતરી કાળોતરી (મરણના સમાચાર આપતી ટપાલ) છે કે **શિક્ષણની ફઈઓને શોક ઉતારવા** સાડલાનો વહેવાર કરી દેશો અને શિક્ષણ સાથે સ્નાન સૂતકનો ય સંબંધ હોય તો ઉંબરા બહાર પાણીની ડોલ કઢાવીને રાખશો. રામ નામ સત્ય છે તે આ જ છે.

### અતિથિ કટાર

લેખક : દિનેશ ડી.પટેલ



નિવૃત શિક્ષક,
શેઠ શ્રી એમ.એમ. શાહ
વિનય વિદ્યામંદિર,
ગોળા, તા: પાલનપુર
મો. ૯૪૨૬૩૦૪૨૦૧

## ગુરૂ પૂર્ણિમા (ભારતીય ગુરૂ ડે)

**ગુરૂ પૂર્ણિમાના પવિત્ર પર્વ નિમિત્તે તમામ આચાર્યશ્રીઓ તથા શિક્ષકશ્રીઓને હાર્દિક શુભકામનાઓ અને ગુરૂવંદના...**

-: શુભેચ્છક :-
બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ પરિવાર

**પાઠ્ય પુસ્તકો પસ્તીમાં વેચનારને શિક્ષણની કિંમત નથી સમજાઈ તેથી આ કૌભાડમાં સંડોવાયેલા તમામની શાળાથી લઈને ઉચ્ચ શિક્ષણની તમામ ડીગ્રીઓ પરત લઈને નિરક્ષર કેદી તરીકે જેલ ભેગા કરી ફરજીઆત શિક્ષણના વર્ગોમાં બાલમંદિરમાં બેસાડવા જોઈએ.**

## એક તરફ સ્વામી વિવેકાનંદ શાળા વિકાસ સંકુલ, દાંતા-બનાસકાંઠામાં અખૂટ ખજાનો, ઉત્તખનન માંગે છે...! અવશેષો ચોકકસ મળશે, બીજી તરફ, ચોર મચાયે શોર...!

**સ્વામી વિવેકાનંદ શાળા વિકાસ સંકુલ, દાંતાંના અંતરિયાળ વિસ્તારના શિક્ષકોની લાગણીઓની મા. ડી.ઈ.ઓ.સાહેબ અને મા. કમિશ્નરશ્રી,શાળાઓ-ગાંધીનગરને કરેલી રજુઆતની ફળશ્રુતિ.**

ક્રમાંકઃ- માધ્યમિક/મા-ર/ઘ/૨૦૧૧/૭૦૭૬૧-૬૨
કમિશ્નરશ્રી, શાળાઓનીકચેરી,
બ્લોક નં.૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.
તારીખઃ૧૭-૬-૨૦૧૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા.

વિષયઃ એસ.વી.એસ.(શાળા વિકાસ સંકુલ)ની પુનઃરચના કરવા બાબતે.....
સંદર્ભપત્રઃ બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ તાઃ ૩૦-૫-૨૦૧૧ની અરજી.

ઉપરોકત વિષય તેમજ સંદર્ભ પરત્વે જણાવવાનું કે, બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ, તાઃ૩૦-૦૫-૨૦૧૧ની રજુઆત અત્રેની કચેરીને મોકલી આપેલ છે. જે આ સાથે મોકલી આપવામાં આવે છે. જે અન્વયે નિયમાનુસારની કાર્યવાહી કરી આ કચેરીની જાણ હેઠળ અરજદારને બારોબાર પ્રત્યુત્તર પાઠવવા જણાવવામાં આવે છે.

બિડાણ :- ઉપર મુજબ (અવાચ્ય)
શ્રેયાન અધિક્ષક(માધ્યમિક)
ગુ.રા. ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ :-
પ્રમુખશ્રી, ઈલિયાસ એમ. સિંધી,
બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ
ગુજરાત હાઈસ્કૂલ, પાલનપુર જિ.બ.કાં.

**સ્વામી વિવેકાનંદ શાળા વિકાસ સંકુલ, દાતાંનું મથક દાતાં તાલુકાની શાળા જયશ્રી દ્વારકાધીશ સરસ્વતી વિદ્યાલય, મોટાસડા તા-દાંતા જાળવી રાખવાનો આદેશ કરતો મા. ડી.ઈ.ઓ. સાહેબનો પત્ર....**

ક્રમાંકઃ- પ્રાવિ(૩)કચદ/સવસ/૨૦૧૧/વશી/૨૫૨૧૮-૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જોરાવર પેલેસ, પાલનપુર
તાઃ ૧૧/૦૭/૨૦૧૧

પ્રતિ,
આચાર્યશ્રી,
જયશ્રી દ્વારકાધીશ સરસવતી વિદ્યાલય,
મોટાસડા તાઃ દાતાં જિઃ બનાસકાંઠા.

વિષયઃ શાળા વિકાસ સંકુલની કામગીરી સ્વીકારવા બાબતે.....
સંદર્ભપત્રઃ રાજપૂત સહાયક કેળવણી મંડળના પત્ર નં.રાકેસમ/૨૦૧૧-૧૨/૧૯/૧૧ તાઃ ૨૧-૬-૨૦૧૧ની અરજી.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ઉપરોકત સંદર્ભવાળા પત્રથી તમારી સંસ્થાને આ તાઃ૯/૬/૨૦૧૧ના આદેશથી બીજો હુકમ થતાં સુધી શાળા વિકાસ સંકુલ બદલીને ભૌગોલિક પરિસ્થિતિને અનુકુળ તમારી સંસ્થામાં રાખવાનો નિર્ણય કરવામાં આવેલ છે. સદર આદેશ જિલ્લાના તમામ આચાર્યોના સંઘની રજુઆત તેમજ સંકલન સમિતિની તમારા સહિતની રજુઆત અન્વયે કરવામાં આવેલ છે.

જેથી હવે સદર શાળા વિકાસ સંકુલનો આદેશ રદ કરવા માગતા હોય તો તમારે તમારા આચાર્ય સંઘ અને શૈક્ષણિક સંકલન સમિતિ મારફ્ત શાળા વિકાસ સંકુલ રદ કરવા માટે સર્વ સંમતિ મેળવી તેઓ મારફ્ત રજુઆત કરવાનું રાખશો.

(અવાચ્ય)
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા, પાલનપુર

**નકલ રવાના જાણ સારૂ :-**
પ્રમુખ/મંત્રીશ્રી, રાજપૂત કેળવણી મંડળ, પાલનપુર
પ્રમુખ/મંત્રીશ્રી, શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ, પાલનપુર
મદદનીશ શિક્ષણ નિરીક્ષક વ લાયઝન અધિકારી, સદર કચેરી

## આદરણીય આચાર્યશ્રીઓ તથા પ્રિય શિક્ષકમિત્રો,સ્વામી વિવેકાનંદ એસ.વી.એસ. દાંતા-બનાસકાંઠા જોગ ઈલીયાસ સિંધીની નમ્ર અપીલ....

મિત્રો, ઉપરોકત એસ.વી.એસ.ને લગતો પત્ર મા.જિલ્લા શિક્ષણાધિકારશ્રીએ મુરબ્બીશ્રી કુલજીકાકા - પ્રમુખ,બનાસકાંઠા જિલ્લા આચાર્ય સંઘ(થરાદ) તથા પ્રમુખશ્રી, બનાસકાંઠા જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા કરવામાં આવેલ રજૂઆતને દાંતા તાલુકાના અંતરીયાળ ગામોની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લઈ મા.ડી.ઈ.ઓ. સાહેબશ્રીએ નિર્ણય લીધેલ છે.

જયારે કેટલાક(માત્રને માત્ર) વિકૃત માનસ ધરાવતા વ્યકિતઓ મા.આચાર્ય મિત્રોમાં ગેરસમજ ફેલાવી રહયો છેકે, ઉપરોકત પરિપત્ર કરાવવામાં માધ્યમિક શિક્ષક સંઘ **"યશ"** લઈ રહયો છે.

તો આ બાબતે સર્વે મિત્રો સમક્ષ સ્પષ્ટતા કરી લઉં કે એસ.વી.એસ. સ્થળ બદલવામાં **"યશ અને અપયશ"** નો પ્રશ્ન રહેતો નથી. એસ.વી.એસ. સ્થળનો માત્ર આચાર્યોનો જ વિચાર કરવાનો ન હોય. શિક્ષકોને પણ સ્પર્શતી બાબત છે.બધાનું હીત જોવું જોઈએ અને જો **"યશ"** ની વાત હોયતો આ કામનો **"યશ"** બ.કા. જિલ્લા આચાર્ય સંઘને ફાળે જાય છે. સાથે સાથે મા.શ્રી ડી.ઈ.ઓ.સાહેબ-બનાસકાંઠા જિલ્લા, બ.કા.જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ/મહામંત્રી,તેમના તમામ હોદ્દેદારશ્રીઓ અને આ કામમાં જોડાયેલા નામી-અનામી તમામ મિત્રોનો હું હદયપૂર્વક આભાર માનું છું.

આવા તત્વોએ નાહકના આચાર્યશ્રીઓ અને શિક્ષકમિત્રોના દિલમાં વિષ રેડવાની વૃત્તી બંધ કરે. ગુજરાત રાજય આચાર્ય સંઘે **"સંઘ વિરોધી ભાવના"**ધરાવતા આ **"અસંઘી તત્વને"** પાઠ ભણાવ્યો છે, તો સત્વરે આવા તત્વોએ સુધરી જવું જોઈએ અને **એવી તો કઈ"મલાઈ" લૂંટાઈ ગઈ કે** તેઓના**"પેટમાં તેલ રેડાણું..!"** આચાર્ય સંઘમાં ભાગલા પાડવાની પ્રવૃત્તિ બંધ કરવી જોઈએ તેવી મારી આ **વિકૃત તત્વને વણ માંગી સલાહ** છે.

આપનો
-- ઈલીયાસ સિંધી

## નવી ભરતી બાબતે બોર્ડને રજુઆત.....

તાઃ ૧૧-૦૭-૨૦૧૧

પ્રતિ,
અધ્યક્ષશ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

વિષયઃ રાજયની અનુદાન લેતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્ય. શાળાઓમાં શિક્ષકો ની ભરતી બાબતે..........

સંદર્ભઃ તાઃ ૮-૭-૨૦૧૧ના **" સંદેશ દૈનીક ન્યુઝપેપર"**ના પાન નંબર -૧૮ પર છપાયેલ **"ટેટ પછી ટાટઃ માધ્યમિક કક્ષાએ ભરતી નો પ્રતિબંધ દૂર"** ના હેડ લાઈનથી છપાયેલ સમાચાર જો સાચા હોયતો તે ન્યુઝ સંદર્ભે...

મે. સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભે નમ્ર વિનંતી કે, છેલ્લા કેટલાક સમયથી માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીની આચાર સંહિતાના કારણે, વિનીયમની કલમ -૩૫ને રદ કરવાના કરાણે ભરતી બંધ છે, તેમજ માધ્યમિક શાળાઓના ધોરણઃ-૮ને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સમાવવાના કારણે માધ્યમિક શાળાઓમાંથી મોટાપાયે સનેઃ૨૦૧૨ ના જુન/ જુલાઈ માસ સુધીમાં માધ્યમિક શાળાના શિક્ષકો ફાજલ થશે.

માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ કે કમિશ્નરશ્રી, શાળાઓ, ગાંધીનગર દ્વારા સનેઃ જુન- ૨૦૧૨ સુધીમાં કેટલા અને કોણ અને કયા વિષયના પ્રત્યેક શળામાંથી ફાજલ પડશે-તેનું ચોક્કસ અને સત્ય સર્વે કરવા માટેના કોઈજ ડી.ઈ.ઓ.કક્ષાએ કે ડી.ઈ.ઓ.કક્ષાએ થી કોઈજ આદેશો શાળાઓને થયા નથી. તે નગ્ન સત્ય છે.

કદાચ આપની પાસે કોઈ માહિતી રાજયની ડી.ઈ.ઓ.કચેરીઆ દ્વારા આવી હોય તો તે સત્યથી વેગળી છે. જયારે **આપ આગામી સત્રથી મા.અને ઉ.મા. કક્ષાએ ભરતી કરવાનો ઉતાવળીયો નિર્ણય લઈ રહયા છો તેવો મારો સ્પષ્ટ મત છે.**

આ સમય દરમ્યાન આપ **"ટાટ"** ની પરીક્ષા લો તે બાબત સ્વીકારવા યોગ્ય છે. પણ તૂર્તજ ભરતી કરશો તો ફાજલ થતા શિક્ષકોને ગોઠવવામાં ભારે મૂશ્કેલી ઉભી થશે.

ચાલુ વર્ષે શાળાઓ પોતાની શાળામાં ખૂટતા શિક્ષકો ભરી દેશે અને જયારે શાળામાંથી ધોરણઃ-૮ ઉચ્ચ પ્રાથમિકમાં જશે ત્યારે કોને ફાજલ કરવા ?**"ટાટ"** દ્વારા નિયુક્ત પામેલા શિક્ષકોને કે પછી **"ટાટ વગરના"** ? તે મોટો પ્રશ્ન થશે અને **"ટાટ"** દ્વારા ભરતી પામેલા શિક્ષકો અને શાળાના સિનિયર શિક્ષકો **(ટાટ વગરના)**ને નામદાર કોર્ટનાં સહારા લેવા પડશે. જેનાથી શાળાઓનું શિક્ષણ કથળશે. ઉપરાંત સિનિયર શિક્ષકોને સહન કરવાનો કુપ્રસંગ ઉભો થશે.

સાથે સાથે આગામી સત્રથી આપ ભરતી શરૂ કરવા માટેની **"ભરતી પ્રક્રિયા"** લોક ભોગ્ય બને દરેક અસરકર્તા શિક્ષક તેનો અભ્યાસ કરી શકે તે અર્થે તેની તમામ વિગત (પરીપત્રો - વર્તમાનપત્રોમાં) તૂર્તજ પ્રકાશિત કરવા વિનંતી.

સાથે સાથે આપ સાહેબને નમ્ર વિનંતી કરૂં છુંકે, જયાં સુધી જૂનઃ ૨૦૧૨ સુધી ફાજલ થનાર શિક્ષકોનું ઠેકાણું ન પડે ત્યાં સુધી ભરતી પ્રક્રિયા બંધ રાખવા આગ્રહ પૂર્વક ની નમ્ર વિનંતીછે.

**" આ ભરતી પ્રક્રિયા "** માં "નવી શિક્ષણ નિતી"ના ( ધોરણ-૮ ઉચ્ચ પ્રાથમિક શાળામાં જવાના ) કારણે ફાજલ શિક્ષક કર્મચારીઓને નૂકશાન થતું માલુમ પડશે તો દુઃખ સાથે આપની આગામી સત્રથી થનાર ભરતી સામે **"નામદાર હાઈકોર્ટ"**માંથી **"સ્ટે"** લાવવાની ફરજ પડશે. જે વિનય પૂર્વક વિનંતી સાથે આપશ્રીને વિદિત કરૂં છું.

અભ્યર્થના સહ.....

આપનો વિશ્વાસુ
(ઈલીયાસ એમ.સિંધી)
પ્રમુખ
બ.કાં. જિ.મા. શિ. સંઘ

**નકલ રવાના સવિનય જાણ અને યોગ્ય ઘટતું કરવા સારૂંઃ-**
(૧) શ્રી હસમુખ હઢીયા સાહેબ, અગ્રસચિવ, શિક્ષણ વિભાગ
(૨) કમિશ્નરશ્રી, મ.ભો.યો.અને શાળાઓની કચેરી,
(૩) પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી, ગુજરાત રાજય માધ્યમિક-
શિક્ષક સંઘ મહામંડળ, અમદાવાદ

## શ્રધ્ધાંજલિ

તાઃ ૧૨-૪-૧૧ના રોજ સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસાના મ.શિ. શ્રી સિધ્ધાર્થ એસ. ગામેતીના **માતુશ્રી ખીમીબેન સુરમાજી ગામેતી**નું તથા તાઃ ૭-૬-૧૧ના રોજ તેમના **પિતાશ્રી સુરમાજી રામજી ગામેતી**નું **દુઃખદ અવસાન** થયેલ છે. તેમજ તાઃ ૨૦-૦૬-૧૧ના રોજ બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના મંત્રી અને શ્રી આદિવાસી વિદ્યાલય, ઈકબાલગઢના મ.શિ. શ્રી નવિનચંદ્ર નાથાલાલ પટેલના **માતુશ્રી સંતોકબેન નાથાલાલ પટેલ** નું **દુઃખદ અવસાન** થયેલ છે. આ દુઃખદ પ્રસંગોએ બ.કા.જિ.મા.શિ.સંઘ ઘેરા દુઃખની લાગણી વ્યકત કરે છે અને દિવંગત આત્માઓને પરમશાંતિ પ્રાપ્ત થાય તે માટે **પ્રભુને પ્રાર્થના..**

**તમામ હોદ્દેદારાશ્રીઓ અને સભ્યશ્રીઓ**

**બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ પરિવાર**

## શ્રધ્ધાંજલિ



**સ્વ. પટેલ સંતોકબેન નાથાલાલ સ્વર્ગવાસ તાઃ૨૦-૦૬-૨૦૧૧**

અમારા માતુશ્રી સંતોકબેન નાથાલાલ પટેલ તાઃ ૨૦-૦૭-૨૦૧૧ના રોજ દેવલોક પામેલ છે પ્રભુને ગમ્યુંતે ખરું.ઘર પરિવારના મંદીર માટે પુરૂષાર્થ જેમની સત્કર્મી ભકિત હતી. નિષ્ઠા, વિરલ આત્મબળ અને લાગણી સભરતા જેવા સદ્‌ગુણોના સંગથી અમારા સૌના હદયમાં જીવંત રહેશે. **પ્રભુ આપના દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે એજ પ્રાર્થના**

**પટેલ નવિનચંદ્ર નાથાલાલ (પુત્ર)**
મંત્રીશ્રી
બ.કાં.જિ. માધ્ય. શિક્ષક સંઘ અને
મ.શિક્ષક શ્રી આદિવાસી વિધાલય, ઈકબાલગઢ

**પટેલ રમેશભાઈ નાથાલાલ (પુત્ર)**
અધિક્ષક મદદનીશ ઈજનેર
( નર્મદા નિગમ )

## ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા બાબત...

ગુજરાત સરકાર, સામાન્ય વહિવટી વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક, સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૫-૭-૨૦૧૧

વંચાણે લીધાઃ-
(૧) સા.વ.વિ.નો તાઃ ૧૦-૩-૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃ ભરત-૨૧૯૭-ક.
(૨) સા.વ.વિ.નો તાઃ ૭-૯-૨૦૦૨નો ઠરાવ ક્રમાંકઃ ભરત-૨૧૯૭-૯૧૦(૨) ક.
(૩) સા.વ.વિ.નો તાઃ ૭-૯-૨૦૦૨નો ઠરાવ ક્રમાંકઃ ભરત-૨૧૯૭-૯૧૦(૩) ક.
(૪) સા.વ.વિ.નો તાઃ ૧૫-૪-૨૦૦૪નો ઠરાવ ક્રમાંકઃ ભરત-૧૦૨૦૦૪-૩૮૫-ક.
(૫) સા.વ.વિ.નો તાઃ ૩૦-૯-૨૦૦૪નો ઠરાવ ક્રમાંકઃ ભરત-૧૦૨૦૦૪-૩૮૫-ક.

-ઃ ઠરાવ ઃ-

સરકારશ્રીના સામાન્ય વહિવટી વિભાગના ઉપર સંદર્ભઃ(૧) આગળના તાઃ૧૦-૩-૨૦૦૦ના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણૂંક આપવાની સુધારેલ યોજના બહાર પાડવામાં આવેલ છે. અને ઉપર સંદર્ભમાં દર્શાવેલ ત્યાર બાદના અન્ય ઠરાવોથી તે યોજનામાં કેટલાક સુધારા વધારા કરાયેલ છે.

૨. ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નિમણૂંક આપવા માટેની હાલની યોજનાની જોગવાઈઓ, તેના અમલીકરણમાં અનુભવાતી મુશ્કેલીઓ, રહેમરાહે નિમણૂંકના અસ્વીકારના કેસોમાં થતા કોર્ટ કેસો, આ અગાઉ રહેમરાહે નોકરીની હાલની યોજનાની સમીક્ષા કરવા કરવા માટે શ્રીમતી નેત્રા શીનોય, તત્કાલિન અગ્ર સચીવશ્રી (આયોજન),સામાન્ય વહિવટી વિભાગના અધ્યક્ષ સ્થાને રચવામાં આવેલ સમિતિએ સ્વર્ગસ્થ કર્મચારીઓના આશ્રિતને રહેમરાહે નોકરીના બદલે ઉચ્ચક નાણાંકીય સહાયની યોજના દાખલ કરવા અંગે આપેલ અહેવાલ,અને હવે "ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિ" તથા " ધી ગુજરાત સચિવાલય ફેડરેશન" દ્વારા સ્વર્ગસ્થ કર્મચારીઓના આશ્રિતને રહેમરાહે નિમણૂંક આપવાને બદલે ઉચ્ચક નાણાંકીય સહાય આપવા અંગે કરાયેલ રજુઆત વિગેરેને ધ્યાને લઈ, ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિતને રહેમરાહે નોકરી આપવાને બદલે, આવા કર્મચારીઓના કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય ચુકવવાની યોજના દાખલ કરવાની બાબત કેટલાક સમયથી સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૩.આ સમગ્ર બાબતમાં કાળજીભરી અને પુખ્ત વિચારણાના અંતે ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણૂંક આપવાની હાલની યોજના રદ કરી, ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના કુટુંબને નીચે પ્રમાણે ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવાની યોજના આથી દાખલ કરવામાં આવે છે.

(૧) ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના કુટુંબને નીચે પ્રમાણે નાણાંકીય સહાય ચુકવવાની રહેશે.

| ક્રમ | મૃત્યુ પામનાર કર્મચારીની સેવાનો બાકી રહેતો સમયગાળો. | ઉચ્ચક નાણાકીય ચુકવવાની |
|---|---|---|
| ૧ | ૨૦ વર્ષ કે તેથી વધુ સમય સેવા બાકી હોય | રૂા. ૬ લાખ |
| ૨ | ૨૦ વર્ષ થી ઓછી પણ ૧૦ વર્ષ કે તેથી વધુ સમય સેવા બાકી હોય | રૂા. ૫ લાખ |
| ૨ | ૧૦ વર્ષ કે તેથી ઓછી સેવા બાકી હોય | રૂા. ૪ લાખ |

(૨) ઉપર મુજબની ઉચ્ચક નાણાકીય સહાય, નિયમિત ધોરણે, નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂંક પામેલા અને ઓછામાં ઓછી પાંચ વર્ષની સેવા બજાવનાર વર્ગ-૩ અને વર્ગ-,ના કર્મચારીઓ તેમજ વર્કચાર્જ મહેકમ પરના વર્ગ-૩ અને વર્ગ-૪ના સ્વર્ગસ્થ કર્મચારીઓના આશ્રિત કુટુંબને મળવાપાત્ર રહેશે.

(૩) અવસાન પામેલા કર્મચારીના કાયદેસરનાં પત્ની કે પતી, અથવા પુત્ર કે અપરિણીત પુત્રી (નિઃસંતાન કર્મચારીના કેસમાં તેની હયાતી દરમ્યાન "હિન્દુ એડપ્શન એકટ,૧૯૫૬" હેઠળ દત્તક વિધાન કરી કાયદેસર દત્તક લીધેલ સંતાન સાથે)કે જે સંબંધિત કર્મચારીના અવસાન સમયે સંપૂર્ણપણે તે સરકારી કર્મચારી ઉપર આધારિત હોય, અને જેના નામે કુટુંબ પેન્શન મંજુર થવા પાત્ર હોય/ મંજુર થયેલ હોય, માત્ર તેમને જ આ ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવાની રહેશે.

(૪) જયાં કુટુંબમાં પતિ તથા પત્ની બન્ને સરકારી કર્મચારી હોય અને તે પેકી કોઇ એકનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન થાય તે સંજોગોમાં સવર્ગસ્થ કર્મચારીને કુટુંબને આ સહાય મળી શકશે નહી.

(૫) ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામેલ સરકારી કર્મચારીનાં પતિ-પત્ની, ભારત સરકાર, ગુજરાત સરકાર કે અન્ય રાજય સરકાર, અર્ધ સરકારી સંસથાઓ, રાજય કે કેન્દ્ર સરકાર હસ્તકનાં બોર્ડ / કોર્પોરેશન, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ (દા.ત. નાગરિક સહકારી બેંકો, જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો, ગુજકોમાસોલ, રાજયની ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ, જિલ્લા મધ્યસથ બેંકો વેરે) તથા રાજય સરકાર કે કેન્દ્ર સરકારના અધિનિયમ હેઠળ રચાયેલ સંસ્થાઓ વિગેરે પેકી કોઈ કચેરીમાં ફરજો બજાવતા હોય તો, તેવા સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબને આ સહાય મળી શકશે નહિ.

૪. ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને આવી ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવાની મંજૂરી સંબંધિત ખાતાના વડાઓને આપવામાં આપવાની રહેશે. સચિવાલયના વિભાગો હેઠળના કેસોમાં આવી ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવાની મંજૂરી સચિવાલય ના સંબંધિત વિભાગોને આપવાની રહેશે.

આવા સ્વર્ગસ્થ કર્મચારીના ડેથ સર્ટિફિકેટ તથા અન્ય જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરી, ઉપર ફકરા-૩(૩)ની વિગતે, સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબની જે વ્યકિતને કુટુંબ પેન્શન મંજુર થવા પાત્ર હોય/મંજૂર થયેલ હોય, તેમને આ પ્રમાણેની ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવાની મંજૂરી આપવાની કાર્યવાહી સત્વરે પૂરી કરી, તેમને કર્મચારીના અવસાનની તારીખથી ત્રણ માસમાં આ સહાયની રકમ મળે, તે જોવાનું રહેશે.

૫. ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણૂંક આપવા માટેની તમામ પડતર અરજીઓનો આ નવી યોજના પ્રમાણે નિકાલ કરવાનો રહેશે.

૬. ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણૂંક આપવાની આ અગાઉની યોજના અન્વયે જે કેસોનો અસ્વીકાર કરવામાં આવેલ છે, તેવા કેસોની આ યોજના અન્વયે ,કોઈ પુનઃવિચારણા કરવાની રહેશે નહિ.

૭. આ યોજના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર રાજય સેવા તથા પંચાયત સેવાના કર્મચારીઓ ઉપરાંત ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર તમામ વર્ગ-૩ અને વર્ગ-૪ના આશ્રિત કુટુંબના કિસ્સામાં પણ સમાન રીતે લાગુ પડશે.

૮. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૮-૪-૨૦૧૧ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(અવાચ્ય)
(જે.એમ.જોશી)
ઉપ સચિવ, સામાન્ય વહિવટી વિભાગ,
ગુજરાત સરકાર


B.U.P. તથા સ્ટ્રકચરલ સર્ટિફિકેટ માટે મળો



MO. 9638393145
7383398909

એંજીનીયર દિપક આકેડીવાલા
B.E.(CIVIL)
કન્સલ્ટીંગ એંજીનીયર

- પ્લાનર્સ - બિલ્ડર્સ - જમીન લે-વેચ કામગીરી - જમીન માપણી કામગીરી
- એસ્ટીમેટર્સ - ડિઝાઈનર્સ - એન.ઓ.સી. કામગીરી - મકાન લોન કેશ કામગીરી

(ઓ) મારૂતી કોમ્પલેક્ષ, (પહેલા માળે) ગુરૂનાનક ચોક, પાલનપુર (બનાસકાંઠા)-૩૮૫૦૦૧

## માનનીય શ્રી કેશુભાઈ પટેલ, ભૂતપૂર્વ પ્રમુખ, ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘને હુંફ અને પ્રેરણા (આશિર્વચન) આપતો પત્ર...

**શ્રી કેશુભાઈ પટેલ**
પૂર્વ પ્રમુખ,
ગુ.રા.માધ્ય.શિક્ષક સંઘ મહામંડળ,
ભાવનગર
તારીખ: ૦૧-૦૭-૨૦૧૧

પ્રિય ભાઈશ્રી ઈલીયાસ તથા પ્રિય ભાઈશ્રી હરેશભાઈ,
પ્રમુખશ્રી તથા મહામંત્રીશ્રી,
બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ
પાલનપુર- બનાસકાંઠા.

આપને મારા હાર્દિક વંદન, ઉંમરમાં આપ મારાથી ખૂબ નાના છો છતાં વંદન આપની ખૂમારીને, વંદન આપની નિડરતાને, વંદન આપની સંગઠનની કામગીરી કરવાની શૈલીને....!

ઉનાળાના વેકેશનમાં **"શિક્ષણ સુધારણા"**ના નામે સરકારશ્રી તરફથી તાલીમ યોજવા લાખો રૂપીયા ખર્ચવામાં આવે છે. સરકારશ્રી તરફથી અઢળક ગ્રાન્ટ મળતી હોવા છતાં તાલીમ સમય દરમ્યાન ભોજન અને અન્ય સુવિધામાં શું શું થઈ રહયું છે. તે સૌ શિક્ષકો, સંઘના આગેવાનો જાણે છે. પરંતુ રાજયભરમાં તમોએ એકલા એજ **માહિતી અધિકાર** નો ઉપયોગ કરી શિક્ષકોને આપવામાં આવતા ભોજન અને સુવિધાની માહિતી માંગી તેમાં અશોક પટેલના પેટમાં તેલ રેડાયું તેની મને ખબર પડતી નથી.પણ તમોએ આવા ભાટાઈ કરનાર કટાર લેખકને તેના લેખનો જાહેર જવાબ આપી તેમના ગાલ ઉપર કદી કળ ન વળે તેવો તમાચો માર્યો છે. ખૂબ ખૂબ અભિનંદન

છેલ્લા કેટલાક સમયથી મહામંડળની અને મોટાભાગના ઘટક સંઘોની કામગીરી ખૂબ નબળી પડી છે ત્યારે તમોએ ચિનગારીનું કામ કર્યું છે. મને આશા છે તમારામાંથી પ્રેરણા લઈ અન્ય જિલ્લાસંઘો અવાજ ઉઠાવતા થશે. સંઘો નબળા પડયા છે તેના કારણે લાંચીયા અધિકારીઓ અને લાંચીયા કારકૂનો **(તમારા કાર્ટૂનમાં દર્શાવેલ નૂરિયા મંડળી)** બેફામ બની શિક્ષકોનું વસ્ત્રાહરણ કરી રહયા છે.

બનાસકાંઠા જિલ્લાના શિક્ષકોને નમ્ર પ્રાર્થના કરૂં છું કે **જયારે તમારા પ્રમુખ અને મહામંત્રીશ્રીએ માથે કફન ઓઢી તમારા સૌ માટે કામ કરી રહયા છે** ત્યારે લાંચ આપવાથી દૂર રહી આપનો પ્રશ્ન સંઘને સોંપી **ઉચ્ચ મસ્તકે જીવન જીવો** અને સંઘના આગેવાનોને સંપૂર્ણ સહકાર આપો. જેથી આ મિત્રો તમને વેદનામાંથી ચોકકસ મૂકત કરાવશે તેવી મને સંપૂર્ણ શ્રધ્ધા છે.

અતિથિ કટાર લેખક **રમણિકભાઈ રાવલને** પણ પ્રણામ. તમારૂં મુખપત્ર **"બનાસગંગા શિક્ષણ"** અક્ષરસહ **બે વાર** વાંચ્યું છે. ફરીથી વંદન અને અભિનંદન સાથે વિરમું છું.

**આપનો સહદયી**
( કેશુભાઈ પટેલ )
**પૂર્વ પ્રમુખ**
**ગુજ.રા.માધ્ય.શિક્ષક સંઘ મહા મંડળ**

**તા.ક.** તાજેતરમાં મહામંડળના નવા વરાયેલા પ્રમુખશ્રી રમેશભાઈ પટેલ અને મહામંત્રીશ્રી દિનેશભાઈ ચૌધરી તથા અન્ય હોદ્દેદારોની કામગીરી હું ઝીણવટ ભરી રીતે ચકાસી રહયો છું. આ મિત્રો મહામંડળને ફરીથી જીવંત કરશે. તેવી મને અતૂટ શ્રધ્ધા ઉભી થઈ છે.

**- કેશુભાઈ પટેલ**

**મુ.કેશુભાઈ એટલે માધ્યમિક શિક્ષણ સંવિધાન( આપણો ધારો-વિનિયમના હકકો)ના પાયોનિયર અને રાજય કક્ષાના આપણી તમામ લડતોના આયોજક તથા મહામંડળના સફળ સુકાની.... તંત્રી**

## " કચેરીના કાગડા અને મૂશક મહારાજ"

**" શિક્ષક કભી સાધારણ નહિ હોતા......"- ચાણકય**

**શિક્ષક એ "માતા" નું બીજું સ્વરૂપ છે... -ગાંધીજી**




**ગુરૂ બ્રહ્મા.......... ગુરૂ વિષ્ણું..........ગુરૂ દેવો.......... દુઃખી દુઃખી !.!.!.!.!**

**( વૈદિક મંત્રની ક્ષમાયાચના સહ..)**

**મુખ્ય સંપાદક :** શ્રી હરપાલસિંહ પી. પઢિયાર સરદાર કૃષિનગર વિદ્યાલય, દાંતીવાડા મો. ૯૯૨૫૨ ૭૯૭૧૦
**સંપાદક મંડળ :**(૧)શ્રી કે.આર.સૈયદ- ગુજરાત હાઈસ્કૂલ, પાલનપુર (૨) શ્રી સેવંતીલાલ દરજી-(કુંભાસણ) પાલનપુર ગ્રામ્ય.(૩) શ્રી કનુભાઈ વી.મોદી (કુડા) ડીસા (૪) શ્રી રામજીભાઈ જોશી-દિયોદર (૫) શ્રી અંબાલાલ પરમાર -ધાનેરા (૬) શ્રી સુભાષભાઈ વ્યાસ-(માવસરી) વાવ (૭) શ્રી ભરતભાઈ ડાભાણી-(ભોરડું) થરાદ (૮) શ્રી સુરેશભાઈ ઠાકર- કાંકરેજ (૯) શ્રી રસુલભાઈ પી. માકણોજીયા- (ઈકબાલગઢ) અમીરગઢ.
**મુદ્રક :** **વિશાલ ઓફસેટ, દ્રોણ બિલ્ડીંગ, જિ.પંચાયત સામે, પાલનપુર. ફોનઃ (ઓ) ૨૫૭૯૫૧ (રહે.) ૨૫૭૮ઘ૬.**
**નોંધઃ** **(૧) અત્રે છપાયેલ લેખોમાં લેખકના વિચારો સાથે તંત્રી સહમત જ છે એવું કયારેય શકય ન પણ હોય.**
**(૨) કાનૂની વિવાદનું ક્ષેત્ર માત્ર પાલનપુર શહેર જ રહેશે.**